## (1) સ્વયમ્ (SWAYAM) અને સ્વયમ્ પ્રભા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) SWAYAMનું પૂરું નામ Self Way of Active Learning for Young Aspiring Minds છે.
(2) ઓનલાઈન કોર્ષ માટેનું આ એક એકીકૃત પ્લેટફોર્મ છે.
(3) સ્વયમ્ પ્રભા એ DTH ચેનલ છે જેમાં 24 કલાક શિક્ષણ આપવામાં આવે છે.
(4) આ DTH ચેનલ GSAT-15 સેટેલાઈટનો ઉપયોગ કરે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ SWAYAMનું પૂરું નામ Study Webs of Active Learning for Young Aspiring Minds છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ 2017માં ઓનલાઈન કોર્ષ માટેનું એકીકૃત પ્લેટફોર્મ તથા પોર્ટલ પ્રદાન કરવા માટે 'સ્વયમ્'ની શરૂઆત કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ અંતર્ગત ઉચ્ચ શિક્ષણના દરેક વિષય તથા કૌશલ્ય ક્ષેત્રના કોર્ષ આવરવામાં આવ્યા છે.

⇛ સ્વયમ્ પ્રભામાં 32 ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક DTH ચેનલનો સમાવેશ થાય છે, જે સમગ્ર દેશમાં 24 કલાક કાર્યરત રહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ એવા દુર્ગમ વિસ્તારો કે જ્યાં હજુ ઈન્ટરનેટ પહોંચ્યુ નથી તે સ્થળોએ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંસાધન પૂરું પાડવા માટે સ્વયમ્ પ્રભા શરૂ કરવામાં આવેલ છે.

⇛ આ DTH ચેનલ પોતાના કાર્યક્રમો પ્રસારિત કરવા માટે GSAT-15 ઉપગ્રહનો ઉપયોગ કરે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તાજેતરમાં સ્વયમ્ તથા સ્વયમ્ પ્રભાનું રિવ્યુ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા લેવામાં આવેલું છે. જેમાં દરેક સ્વયમ્ કોર્ષ તથા સ્વયમ્ પ્રભાના વિડિયોને 10 ક્ષેત્રિય ભાષામાં રૂપાંતરિત કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ન્યુ ડેવલપમેન્ટ બેન્ક' (NDB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) NDB દ્વારા ભારતને COVID-19 માટે 10 મિલિયન ડોલરની સહાય કરવામાં આવશે.
(2) આ બેન્કની સ્થાપના BRICS દેશો દ્વારા કરવામાં આવેલી છે.
(3) આ બેન્કનું વડું મથક સાઉથ આફ્રિકાના ડર્બન શહેરમાં આવેલ છે.
(4) આ બેન્કની સ્થાપના સભ્ય દેશોમાં માળખાગત સુવિધાઓ તથા ટકાઉ વિકાસને સહાય આપવાના હેતુથી કરવામાં આવેલી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ NDBના બોર્ડ ઓફ ગવર્નરની 5મી રાષ્ટ્રીય મીટીંગનું આયોજન તાજેતરમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

⇛ આ દરમિયાન BRICS દેશોને 5 બિલિયન ડોલરની સહાય COVID-19 માટે કરવામાં આવેલી છે, જે પૈકી ભારતને 1 બિલિયન ડોલરની સહાય પ્રાપ્ત થશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ NDB એ એક વિકાસલક્ષી બેન્ક છે જેની સ્થાપના BRICS દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા) દ્વારા વર્ષ 2014માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સભ્ય દેશ તથા અન્ય અલ્પ વિકસિત અને ઉભરતાં અર્થતંત્રો માટે માળખાગત સુવિધાઓ તથા ટકાઉ વિકાસના હેતુથી તેની સ્થાપના કરવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેનું વડું મથક ચીનના સાંઘાઈ શહેરમાં આવેલું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ વર્ષ 2018માં NDBને સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા (UNGA)નું 'ઓબ્ઝર્વર સ્ટેટસ' મળેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) યમુના નદીના પાણીની ગુણવત્તા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) DPCCના જણાવ્યા મુજબ દિલ્હીની આસપાસના વિસ્તારમાં યમુના નદીના પાણીની ગુણવત્તામાં એપ્રિલ 2019ની સાપેક્ષે સુધારો જોવા મળેલ છે.
(2) જળપ્રદૂષણમાં વિવિધ સ્થળોએ 18થી 21%નો ઘટાડો નોંધાયો છે.
(3) આ દરમિયાન દરેક સ્થળોએ BOD (બાયોકેમીકલ ઓકિસજન ડિમાન્ડ)માં પણ વધારો નોંધાયો છે.
(4) ગુણવત્તા સુધરવાનું એક કારણ હરિયાણા દ્વારા છોડવામાં આવેલો તાજાં પાણીનો વધારે પૂરવઠો છે.

(A) માત્ર (2)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ DPCC (દિલ્હી પોલ્યુશન કંટ્રોલ કમિટી) દ્વારા બહાર પાડવામાં આવેલ એક રિપોર્ટ મુજબ, દિલ્હીની આસપાના યમુના નદીના પટ્ટમાં એપ્રિલ 2019ની સાપેક્ષે પાણીની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ વિવિધ સ્થળોએ જળપ્રદૂષણમાં 18થી 21%નો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ ઉપરાંત કેટલાક સ્થળોએ BOD (બાયોકેમીકલ ઓકિસજન ડિમાન્ડ)ના પ્રમાણમાં 18થી 33%નો ઘટાડો નોંધાયો છે, જ્યારે અન્ય સ્થળોએ સામાન્ય એવો વધારો નોંધાયો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ અભ્યાસ કરાયેલા નવ સ્થળો પૈકી ચાર સ્થોળએ પિગળેલ ઓકિસજનની (DO-Dissolved Oxygen) માત્રા 2.3થી 4.8 મિલિગ્રામ પ્રતિ લિટર જોવા મળેલી છે, આ માત્રા 2019માં શૂન્ય હતી.

⇒ આમ, છતાં યમુના નદીનું પાણી 'જળગુણવત્તાના માપદંડો' મુજબ યોગ્ય નથી.

⇒ પાણીની ગુણવત્તા સુધરવાના મુખ્ય 2 કારણો છે.

- લોકડાઉન
- હરિયાણા દ્વારા છોડવામાં આવેલાં તાજાં પાણીનો વધારે પૂરવઠો

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) 'TIFAC' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે નાણાં મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(2) તે COVID-19માંથી અર્થતંત્રને કેવી રીતે પાછું બેઠું કરવું તેના માટે 'વાઈટ પેપર' તૈયાર કરી રહી છે.
(3) TIFACનું પૂરું નામ 'The Technology Information, Forecasting and Assessment Council' છે.
(4) આ વાઈટ પેપરમાં મુખ્યત્વે મેક ઈન ઈન્ડિયા, જાહેર વિતરણ પ્રણાલિ, આયાત કેવી રીતે ઘટાડવી વગેરે જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ TIFAC (The Technology Information, Forecasting and Assessment Council) COVID-19 પછી અર્થતંત્રને કેવી રીતે પાછું બેઠું કરવું તેના માટે 'વાઈટ પેપર' તૈયાર કરી રહી છે. (આથી, વિધાન (2) તથા (3) સાચાં છે.)

⇒ TIFAC વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્ય કરતી સ્વાયત ટેક્નોલોજી થિંક ટેન્ક છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ વાઈટ પેપરમાં નીચેની બાબતો પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- મેક ઈન ઈન્ડિયા
- ટેક્નોલોજી આધારિત જાહેર વિતરણ પ્રણાલિ
- અસરકારક ગ્રામ્ય સ્વાસ્થ્ય સેવા
- ઉભરતી ટેક્નોલોજી ઉપયોગ કરવો, વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ વર્ષ 1985માં ટેક્નોલોજી પોલિસિ ઈમ્પ્લીમેન્ટેશન કમિટી (TPIC)ની ભલામણના આધારે વર્ષ 1988માં TIFACની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) “COVID-19 RPSF” વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ COVID-19 rural Poor Stimulus Facility છે.
(2) આ સુવિધા ‘ગ્રીસપીસ’ નામની NGO દ્વારા શરૂ કરવામાં આવેલી છે.
(3) આ સુવિધાનો હેતુ ખાદ્ય સુરક્ષા સુધારવાનો છે.
(4) RPSFનું લક્ષ્ય ગરીબ તથા સંવેદનશીલ ગ્રામ્ય લોકોને COVID-19ની મહામારીમાંથી ઝડપથી ઉગારવાનું છે.

(A) માત્ર (3)
(B) માત્ર (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ COVID-19ની મહામારીને જોતાં IFAD (International Fund for Agricultural Development) દ્વારા COVID-19 Rural Poor Stimulus Facility (RPSF) નામની એક નવી પહેલ શરૂ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યાર વિધાન (2) ખોટું છે.)

⇛ આ એક ટૂંકાગાળાની સ્ટ્રેટેજી છે જે IFADના લાંબાગાળાના વિકાસલક્ષી હેતુમાં મદદરૂપ થશે.

⇛ આ સુવિધામાં IFAD દ્વારા 40 મિલિયન ડોલરનું ફંડીંગ કરવામાં આવશે જ્યારે અન્ય નાણાં ડોનેશન દ્વારા એકત્ર કરવામાં આવશે.

⇛ આ સુવિધાનો હેતું ઉત્પાદન, બજાર સુધી પહોંચ અને રોજગારીને સહાય કરીને ખાદ્ય સુરક્ષા તથા ગ્રામ્ય લોકોની સ્થિતિસ્થાપકતા વધારવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉપરાંત તેનું લક્ષ્ય ગરીબ તથા સંવેદનશીલ ગ્રામ્ય લોકોને COVID-19ની મહામારીથી ઝડપથી બહાર લાવવાનું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT